INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　તા. ૫-૧૦-૨૦૨૩

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગની કાર્યકરણીને બેઠકમાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે વસ્તીને આધારે મળવાપાત્ર બજેટ ભાજપ સરકાર ફાળવતી નથી,જેના લીધે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચનાં લોકોને નુકશાન થઇ રહ્યું. ઉત્સવો અને તાયફા પાછળ કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે પરંતુ એસસી, એસટી અને ઓબીસી સમાજના બાળકોને મળવાપાત્ર લાભથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં ઉપનેતાશ્રી શૈલેષ પરમારે જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષનાં સંગઠનમાં મહિલાઓને 33% અનામત સાથે યોગ્ય સ્થાન મળવું જોઈએ. સંગઠનની નિમણુંકમાં વધુ મહિલાઓને સ્થાન મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ભાજપ સરકાર એસસી, એસટી અને ઓબીસી નિગમોને યોગ્ય અને પૂરતી ગ્રાન્ટ આપવામાં આવતી નથી. કોંગ્રેસ પક્ષ આવનાર સમયમાં ગુજરાતમાં ઝોન પ્રમાણે સંમેલનો બોલવામાં આવશે. ભાજપ સરકાર દલીતો અને વંચિતો સાથે સતત અન્યાય કરી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષશ્રી જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે દેશના નાગરિકો અને દલીતો સામે સંવિધાનને બચાવી રાખવું સૌથી મોટો પડકાર છે. દરેક તાલુકા જિલ્લામાં બહુજન ગ્રામપંચાયત અને સંવિધાન રક્ષક બનાવવામાં આવશે. કેન્દ્રની તાત્કાલિક યુપીએ સરકારનાં મનરેગા કાયદા થકી બેરોજગારી હટાવી શકાય છે પણ ભાજપ સરકાર મનરેગાનો યોગ્ય ઉપયોગ કરવા માંગતી નથી. દેશમાં 22 કરોડ લોકોએ નોકરી માટે અરજીની સામે ભાજપ સરકારે માત્ર થોડા જ યુવાનોને જ નોકરી આપી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અનુસૂચિત જાતિ ડિપાર્ટમેન્ટનાં પ્રમુખશ્રી હિતેન્દ્ર પીઠડીયાએ જણાવ્યું હતું કે 26 નવેમ્બર 1949 ના રોજ બાબા સાહેબ આંબેડકરના નેતૃત્વમાં જે બંધારણ બન્યું હતું તેનો ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ર્ડા રાજેન્દ્ર પ્રસાદ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. તે દિવસની આપણે બંધારણ દિવસ તરીકે ઉજવીએ છીએ તો આ વર્ષે 2023ને 26 નવેમ્બરથી બંધારણની અપનાવવામાં આવ્યું હતું તેને 75 મું વર્ષ ચાલુ થાય છે તો આપણે બધાએ આ વર્ષે 26 નવેમ્બર 2023 થી 26 નવેમ્બર 2024 સુધી આખું વર્ષ સુધી બંધારણને લગતા અલગ આ કાર્યક્રમો કરવાના છે. ગુજરાતમાં દલિત અત્યાચારની ઘટનાઓ સતત વધતી જાય છે. તે મોટો ચિંતા નો વિષય છે.

ગુજરાતમાં સરેરાશ ૪ એટ્રોસિટીની ઘટનાઓ પોલીસને ચોપડે નોંધાઇ છે અને બે ઘટનાઓ શહેરી વિસ્તારમાં નોંધાય છે. એસસી ડિપાર્ટમેન્ટની કારોબારીમાં સંવિધાન રક્ષક બનાવવા, બહુજન ગ્રામ પંચાયત,

બહુજન મીડિયા, સોશિયલ મીડિયા, મહિલા અનામત, ગુજરાતમાં વધતી દલિત અત્યાચારની ઘટનાઓ સહિતના મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખશ્રી અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે કારોબારીના પદાધિકારીઓ-હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ દલિતો, શોષિતો, વંચિતોના હક્ક-અધિકાર માટે લડતો આવ્યો છે અને લડતો રહેશે. ગુજરાતીઓના સેવાના સાધનાના યજ્ઞમાં આપણે સૌ જોડાઈએ. આ બેઠકમાં પ્રદેશના પદાધિકારીઓ, હોદ્દેદારશ્રીઓ અને દરેક જિલ્લાઓમાંથી તાલુકા કક્ષાથી આવેલા પદાધિકારીઓ-આગેવાનો અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

-----------------------------------------------------------------------------------------------------

રાજીવ ગાંધી ભવન ખાતે વિચરતી અને વિમુક્ત જાતિ સમાજના સામાજિક આગેવાન અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ મેકર શ્રી દક્ષિણભાઈ છારા તેમની ટીમને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમારે તિરંગો ખેસ પહેરાવીને વિધિવત રીતે કોંગ્રસ પક્ષમાં જોડાયા હતા. ભારતમાં લગભગ 12 થી 15 કરોડ ડીએનટી સમાજનાં લોકો રહે છે. ગુજરાતમાં 28 વિચરતી અને 12 બિન-સૂચિત જાતિઓ છે જેઓ રાજકીય ક્ષેત્રે સંપૂર્ણ રીતે ઓછા પ્રતિનિધિત્વ ધરાવે છે.

દક્ષિણ છારા નાટ્યકાર, ફિલ્મમેકર અને કર્મશીલ જે સતત 25 વર્ષથી વંચિત સમાજો માટે કલાના માધ્યમથી લડી રહ્યા છીએ. તેઓ એ ઇંગ્લેન્ડ સ્થિત યુનિવર્સિટી ઓફ લીડ્સ માં અભ્યાસ કરેલ છે અને આના માટે તેમને વિશ્વ વિખ્યાત ફોર્ડ ફાઉન્ડેશન ફેલોશિપ મળેલ હતી. દક્ષિણની આત્મકથા અને નાટકોની પુસ્તક “બુઢાં બોલતા હૈ' રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દવારા મહાત્મા ગાંધી દ્વિવાર્ષિક રાષ્ટ્રીય પુરસ્કાર પણ એનાયત કરવામાં આવેલ. આ સિવાય દક્ષિણને ભાષા અને રાજીવ ગાંધી ફેલોશિપ વિચારતી અને વિમુક્ત જનજાતીઓની કલાઓના અભ્યાસ અર્થે મળેલ. તેઓએ પોતાની ફિલ્મો માટે, લેખન માટે અને નાટકો માટે સંખ્યાબધ્ધ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય એવોર્ડ મળેલ એવા એક માત્ર વિમુક્ત જનજાતિના કલાકાર છે. જેમને સંયુક્ત રાષ્ટ્રએ વિચરતી અને વિમુક્ત જનજાતીઓ પર વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરેલ હતા. છેલ્લા ૨૫ વર્ષથી આખા દેશમાં વિચરતી અને વિમુક્ત જનજાતીઓને સંવિધાનમાં વિશેષ અધિકાર મળે તેના માટે સતત કાર્યરત રહ્યા છે અને નાટક અને ફિલ્મોના માધ્યમથી તેમને ઘણા વંચિત સમાજોના યુવક યુવતીઓને કલાની ટ્રેનિંગ આપી છે. તેમને કુલ 12 નાટકોનું નિર્દેશન કરેલ છે, એમના નાટકો માં “બુધન' નામનું નાટક ખુબ જાણીતું છે અને આ નાટકના ભારતની અને વિદેશની ઘણી ભાષાઓ મેં ભાષાંતર કરીને છાપેલ છે. ત્યારે શ્રી દક્ષીણ છારા જેવા યુવાન નેતૃત્વ પોતાની ટીમ સાથે કોંગ્રેસ પક્ષમાં જોડવાથી કોંગ્રેસ પક્ષનાં સેવાની સાધનાના યજ્ઞને વધુ બળ મળશે.

હિરેન બેંકર

(હિરેન બેંકર)
પ્રવક્તા